






# ફિલિપાઈન્સમાં 7.8ની તીવ્રતાનો પ્રચંડ ભૂકંપ: 32નાં મોત

**સુનામીના** મોજાં ઉછળ્યા, અસર છેક જાપાન અને ઇન્ડોનેશિયા સુધી જોવા મળી

ઈમારતો ધરાશાયી

**દક્ષિણ** ફિલિપાઇન્સમાં ભૂકંપ બાદ ભૂસ્ખલનથી તબાહી; 200થી વધુ ઘાયલ, જનરલ સેન્ટોસ એરપોર્ટ બંધ અને અનેક ફ્લાઇટ્સ રદ

મનિલા, ૮ જૂન: દક્ષિણ ફિલિપાઇન્સમાં સોમવારે સવારે એક અત્યંત શક્તિશાળી અને વિનાશક ભૂકંપ આવ્યો હતો. રિક્ટર સ્કેલ પર ૭.૮ની તીવ્રતા ધરાવતા આ દરિયાઈ ભૂકંપના કારણે અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૩૨ લોકોના મોત થયા છે અને ૨૦૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. ભૂકંપ એટલો પ્રચંડ હતો કે તેના કારણે દરિયામાં ૧ મીટર (૩ ફૂટ) ઊંચા સુનામીના મોજાં ઉછળ્યા હતા, જેની અસર છેક જાપાન અને ઇન્ડોનેશિયા સુધી જોવા મળી હતી.

ભૂકંપનું કેન્દ્રબિંદુ મિન્ડાનાઓ (Mindanao) ટાપુ નજીક દરિયામાં ૩૩ કિલોમીટરની ઊંડાઈએ હતું. સૌથી વધુ નુકસાન સરાંગાની પ્રાંત અને જનરલ સેન્ટોસ પોર્ટ સિટીમાં થયું છે:

**પહાડી વિસ્તારમાં લેન્ડસ્લાઈડ:** સરાંગાની પ્રાંતના ગ્લાન નામના પહાડી નગરમાં ભૂકંપના કારણે મોટું ભૂસ્ખલન થયું હતું, જેમાં અનેક મકાનો દટાઈ જતાં ૧૩ ગ્રામજનોના મોત નીપજ્યા હતા.

**મકાનો કાટમાળમાં ફેરવાયા:** જનરલ સેન્ટોસ શહેરમાં એક જાણીતી હેમબર્ગર રેસ્ટોરન્ટ અને એક બે માળની શાળા સહિત અનેક ઈમારતો ધરાશાયી થઈ ગઈ છે. કાટમાળ નીચે કેટલાક વિદ્યાર્થીઓ દટાયા હોવાની આશંકા છે અને હાલ ૧૨ લોકો લાપતા છે.

**એરપોર્ટ બંધ:** સુરક્ષાના કારણોસર જનરલ સેન્ટોસ ઇન્ટરનેશનલ એરપોર્ટને અસ્થાયી રૂપે બંધ કરી દેવામાં આવ્યું છે અને ૧૭ ડોમેસ્ટિક ફ્લાઇટ્સ રદ કરવામાં આવી છે.

**સવારની પ્રાર્થના વખતે જ ધ્રૂજી ઉઠી ધરતી**

ભૂકંપ સોમવારે સવારે ૭:૩૭ વાગ્યે આવ્યો હતો. એપ્રિલ-મેના ઉનાળુ વેકેશન બાદ સોમવારથી જ ફિલિપાઇન્સમાં શાળાઓ ફરી ખુલી હતી. દક્ષિણ ક્ષેત્રમાં સવારની પ્રાર્થના ચાલી રહી હતી ત્યારે જ ધરતી ધ્રૂજી ઉઠતાં ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓ ગભરાટમાં નીચે પડી જવાથી ઈજાગ્રસ્ત થયા હતા અને કેટલાક બેભાન થઈ ગયા હતા.

**શા માટે ફિલિપાઇન્સમાં વધુ ભૂકંપ આવે છે?**

ફિલિપાઇન્સ ભૌગોલિક રીતે પ્રશાંત મહાસાગરના 'રિંગ ઓફ ફાયર' પર આવેલું છે.

આ વિસ્તાર ભૂકંપના ફોલ્ટ લાઇન્સ અને સક્રિય જ્વાળામુખીઓથી ઘેરાયેલો હોવાથી અહીં વારંવાર શક્તિશાળી ભૂકંપ આવે છે. આ ઉપરાંત, આ દેશ દર વર્ષે સરેરાશ ૨૦ જેટલા વાવાઝોડાં અને દરિયાઈ તોફાનોનો પણ સામનો કરે છે.



## ટ્રમ્પે મોદીવાળી કરી!

**ઇન્ટરવ્યૂ** વચ્ચેથી લાલચોળ થઈને ઊભા થઈ ગયા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, મીડિયાને કહ્યું 'પક્ષપાતી'

**NBC** ન્યૂઝની એન્કરે રોકવા માટે આજીજી કરી, પણ ટ્રમ્પે માઇક હટાવી 'મીટ ધ પ્રેસ'નો સેટ છોડી દીધો

વોશિંગ્ટન, ૮ જૂન: અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ફરી એકવાર મીડિયા પર ભડક્યા છે. NBC ન્યૂઝના લોકપ્રિય શો 'મીટ ધ પ્રેસ' (Meet the Press) માટે વરિષ્ઠ પત્રકાર ક્રિસ્ટન વેલ્કરને આપેલા એક ખાસ ઈન્ટરવ્યૂ દરમિયાન ટ્રમ્પ એટલા ગુસ્સે થઈ ગયા કે તેઓ વાક્ય પૂરું કર્યા વિના જ સેટ છોડીને ચાલ્યા ગયા હતા. એન્કરે તેમને રોકવા માટે ઘણી વિનંતીઓ કરી, પરંતુ ટ્રમ્પે ન્યૂઝ ચેનલોને 'લપટી અને પક્ષપાતી' કહીને ઈન્ટરવ્યૂ અધવચ્ચે જ અટકાવી દીધો હતો. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર જોરદાર વાયરલ થઈ રહ્યો છે.

**ક્યા સવાલ પર ભડક્યા ટ્રમ્પ?**

વિસ્કોન્સિનમાં યોજાયેલા આ ઈન્ટરવ્યૂ દરમિયાન, એન્કર ક્રિસ્ટન વેલ્કરે વર્ષ ૨૦૨૦ની રાષ્ટ્રપતિ ચૂંટણી અંગે સવાલ પૂછ્યો હતો. વેલ્કરે ટ્રમ્પને એવો દાવો સાબિત કરવા કહ્યું કે ૨૦૨૦ની ચૂંટણી 'ચોરાઈ' ગઈ હતી (તેમાં છેતરપિંડી થઈ હતી). આ સવાલ સાંભળતા જ ટ્રમ્પનો પારો સાતમા આસમાને પહોંચી ગયો હતો.

તેમણે એન્કરને મોઢામોઢ જુઠ્ઠી કહી દીધી અને આકરા પ્રહારો કરતા કહ્યું: "અમેરિકાની ચૂંટણીઓ કોઈ ત્રીજા વિશ્વના દેશ (ગરીબ/પછાત દેશ) જેવી થઈ ગઈ છે. તમારી ચૂંટણીઓ ભ્રષ્ટ છે, તમે પોતે ભ્રષ્ટ છો, 'મીટ ધ પ્રેસ' ભ્રષ્ટ છે અને ABC, CBS તેમજ CNN પણ એટલા જ ભ્રષ્ટ છે. તમે બધા એકતરફી વાતો કરનારા નેટવર્ક છો. બહુ થયું, હવે આ બંધ કરો."

**એન્કરે કહ્યું- "હું છેક વિસ્કોન્સિનથી આવી છું", ટ્રમ્પે આપ્યો વળતો જવાબ**

જ્યારે ટ્રમ્પ ગુસ્સામાં પોતાની સીટ પરથી ઊભા થવા લાગ્યા, ત્યારે એન્કર ક્રિસ્ટન વેલ્કર ગભરાઈ ગયા અને તેમને રોકાઈ જવા આજીજી કરવા લાગ્યા.

એન્કરની વિનંતી: "મિસ્ટર પ્રેસિડેન્ટ, પ્લીઝ રોકાઈ જાઓ. હું આ ખાસ ઈન્ટરવ્યૂ માટે છેક વિસ્કોન્સિન સુધી પ્રવાસ કરીને આવી છું."

**ટ્રમ્પનો આક્રોશ:** ટ્રમ્પે ઊભા થતાં થતાં વળતો જવાબ આપ્યો, "હું તમારી સાથે અહીં એક કલાકથી વરસાદમાં બેઠો છું! ક્યારેક વરસાદ આવે છે તો ક્યારેક જાય છે, છતાં મેં તમને પૂરતો સમય આપ્યો છે. તમારે તમારા પ્રેસ (મીડિયા)ને સુધારવાની જરૂર છે. એક વાત યાદ રાખજો, જે દેશનું મીડિયા અપ્રમાણિક હોય, તે દેશ ક્યારેય મહાન બની શકતો નથી. ચાલો હવે નીકળીએ." આટલું કહીને તેઓ સેટ પરથી ચાલ્યા ગયા હતા.


**$1.8 બિલિયનના ફંડ અંગેના સવાલ પર વધ્યો હતો વિવાદ**

ચૂંટણી સિવાય, ઈન્ટરવ્યૂમાં વિવાદ ત્યારે વધુ વણસ્યો જ્યારે વેલ્કરે ટ્રમ્પને $1.8 બિલિયન (આશરે ૧૫,૦૦૦ કરોડ રૂપિયા)ના એક વિવાદાસ્પદ ફંડ અંગે સવાલ કર્યો. આ ફંડ એવા લોકો માટે પ્રસ્તાવિત છે જેઓ દાવો કરે છે કે બાઈડેન વહીવટીતંત્ર દ્વારા તેમને નિશાન બનાવવામાં આવ્યા હતા.

કાર્યવાહક એટર્ની જનરલ ટોડ બ્લાન્ચે આ ફંડને પડતું મૂકવાની વાત કરી હોવાથી, એન્કરે સવાલ પૂછ્યો હતો કે, "શું તમે આ ફંડના વિચારથી સંપૂર્ણપણે પાછળ હટી રહ્યા છો કે કોઈ નવો રસ્તો શોધી રહ્યા છો?" ટ્રમ્પે આ અબજો ડોલરના પ્રસ્તાવનો જોરદાર બચાવ કર્યો હતો અને કહ્યું હતું કે અગાઉની સરકારના અધિકારીઓ દ્વારા લોકોને ખરેખર નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું.

પેજ3

## દીપિકા-રણવીર નવા ઘરના બાંધકામની મુલાકાતે



મુંબઈ, તા. ૮: દીપિકા પાદુકોણ અને રણવીર સિંહ સોમવારે બાંદ્રામાં તેમના નવા ઘરે જોવા મળ્યા હતા, જે મુલાકાતની તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. એક્સ પર ફેન પેજીસ દ્વારા શેર કરવામાં આવેલી તસવીરોમાં આ કપલ બાલ્કનીમાં ઊભેલું, એકબીજા સાથે વાત કરતું અને પ્રોપર્ટી પર ચાલી રહેલા ઈન્ટિરિયરના કામની પ્રગતિનું નિરીક્ષણ કરતું જોવા મળે છે. આ મુલાકાતે લોકોનું ધ્યાન એટલા માટે પણ ખેંચ્યું છે કારણ કે તસવીરોમાં દીપિકાનો બેબી બમ્પ સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. દીપિકા લૂઝ વ્હાઇટ કો-ઓર્ડ સેટમાં જોવા મળી હતી, જ્યારે રણવીરે રેડ ટી-શર્ટ અને બ્લેક ટ્રેક પેન્ટ પહેર્યું હતું.

## કાનપુરમાં જમાઈએ સાસુ સાથે કર્યા કોર્ટ મેરેજ



કાનપુર, તા. ૮: ઉત્તર પ્રદેશના કાનપુરની એક અસામાન્ય ઘટનામાં એક વ્યક્તિ અને તેની સાસુ ચર્ચાનો વિષય બન્યા છે, જેમના કોર્ટ મેરેજ દર્શાવતો એક કથિત વીડિયો ઓનલાઈન સામે આવ્યો છે. હા, તમે બરાબર વાંચ્યું છે.

કોર્ટમાં એકબીજાને હાર પહેરાવતાં અને પોતાના લગ્નનું પ્રમાણપત્ર હાથમાં પકડેલા આ કપલનો અત્યારે વાયરલ થઈ રહેલો વીડિયો સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી રહ્યો છે.

આ વીડિયોએ લોકોનું વ્યાપક ધ્યાન ખેંચ્યું છે, જેમાં સોશિયલ મીડિયા યુઝર્સ આ અસામાન્ય સંબંધ વિશે પોતાના વિચારો અને મંતવ્યો શેર કરી રહ્યા છે. આ બાબતે સ્થાનિક રહીશોમાં પણ ચર્ચાઓ જગાવી છે.

ઓનલાઈન ફરતા અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો છે કે, આ જમાઈ અને સાસુ લાંબા સમયથી એકબીજાંના સંપર્કમાં હતા. જોકે, આ દાવાઓ અંગે હજી સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી. આ બાબતે અત્યાર સુધી કોઈ કાનૂની ફરિયાદ નોંધાઈ હોવાનું સામે આવ્યું નથી.



## ડોમિનિકન રિપબ્લિકમાં પ્રાઈવેટ જેટ ક્રેશ

સાન્ટો ડોમિંગો, તા. ૮ : કેરેબિયન દેશ ડોમિનિકન રિપબ્લિકના લા રોમાના ઈન્ટરનેશનલ એરપોર્ટ પર એક ભયાનક વિમાન અકસ્માત સર્જાયો છે. અહીં એક પ્રાઈવેટ જેટે ઈમરજન્સી લેન્ડિંગ કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ રનવે પર ઉતરતાની સાથે જ વિમાન જોરદાર રીતે ઉછળ્યું હતું અને જોતજોતામાં આગના વિશાળ ગોળામાં ફેરવાઈ ગયું હતું. આ દર્દનાક દુર્ઘટનામાં વિમાનના પાયલોટ અને કો-પાયલોટ બંનેના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા છે.

અકસ્માતનો ભોગ બનેલું વિમાન 'ગલ્ફસ્ટ્રીમ G200' (Gulfstream G200) મોડેલનું પ્રાઈવેટ જેટ હતું. આ વિમાન લા રોમાના એરપોર્ટ પરથી અમેરિકાના ટેક્સાસ રાજ્યમાં આવેલા ઓસ્ટિન શહેર જવા રવાના થયું હતું. જોકે, ઉડાન ભર્યાના થોડા જ સમયમાં વિમાનમાં કોઈ ગંભીર ટેકનિકલ ખામી સર્જાઈ હતી. પાયલોટે તુરંત જ ઈમરજન્સી જાહેર કરી અને વિમાનને પાછું એરપોર્ટ પર લેન્ડ કરાવવાનો નિર્ણય લીધો હતો.

આ અકસ્માતનો એક વીડિયો સોશિયલ મીડિયા પર જોરદાર વાયરલ થઈ રહ્યો છે, જે રનવે પર લાગેલા કેમેરામાં કેદ થયો છે. વીડિયોમાં જોઈ શકાય છે કે: અકસ્માત બાદ એરપોર્ટની આસપાસ આકાશમાં કાળા ધુમાડાના ગોટેગોટા ઉડ્યા હતા.

## "ભારત-ચીન હરીફ નહીં, પણ સહકારી ભાગીદાર"

**બંને દેશોએ** એકબીજાને ખતરો ન ગણવો જોઈએ; રશિયન રાષ્ટ્રપતિ પુતિનની ટિપ્પણી બાદ ચીની વિદેશ મંત્રાલયનું મોટું નિવેદન

બેઈજિંગ, તા. 8 (PTI): ચીન અને ભારતે 'સાચી વ્યૂહાત્મક ધારણા' પર અડગ રહેવું જોઈએ કે તેઓ હરીફ નથી, પરંતુ સહકારી ભાગીદારો છે અને એકબીજાના વિકાસ માટે તક છે, ખતરો નહીં. એમ સોમવારે એક ટોચના ચીની અધિકારીએ જણાવ્યું હતું.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા લિન જિયાન દ્વારા ગુરુવારે પીટીઆઈ સહિત અગ્રણી વૈશ્વિક સમાચાર એજન્સીઓના વડાઓ સાથેની વાતચીત દરમિયાન રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની ચીન-ભારત સંબંધો પરની ટિપ્પણીઓ અને બંને દેશો સાથે ગાઢ સંબંધો જાળવી રાખવાના મોસ્કોના પ્રયાસો અંગેના પ્રશ્નના જવાબમાં મીડિયા બ્રીફિંગમાં આ ટિપ્પણી કરવામાં આવી હતી.

લિનએ જણાવ્યું હતું કે, ચીન-ભારત સરહદની સ્થિતિ હાલમાં સામાન્ય રીતે સ્થિર છે અને બંને પક્ષો વચ્ચે સુગમ સંવાદ છે.

લિનએ કહ્યું કે, "ચીન અને ભારત પાસે સાચી વ્યૂહાત્મક ધારણા હોવી જરૂરી છે કે બંને દેશો સહકાર ભાગીદાર છે, સ્પર્ધાત્મક હરીફો નથી અને એકબીજાના વિકાસ માટે તકો છે, ખતરો નથી."

બેઈજિંગ છેલ્લા કેટલાક સમયથી વારંવાર કહી રહ્યું છે કે, ભારત અને ચીને એકબીજાને હરીફ તરીકે નહીં, પરંતુ સહકારી ભાગીદાર તરીકે જોવા જોઈએ.

સોમવારે લિનના આ જવાબથી તે વારંવાર પુનરાવર્તિત થતા કથનમાં 'સાચી વ્યૂહાત્મક ધારણા' ઉમેરાઈ છે. લિનએ કહ્યું, "બંને પક્ષોએ દ્વિપક્ષીય સંબંધોને વ્યૂહાત્મક ઊંચાઈ અને લાંબાગાળાના પરિપ્રેક્ષ્યથી જોવાની અને સંભાળવાની, પરસ્પર વિશ્વાસ વધારવાની, સહયોગનો વિસ્તાર કરવાની, મતભેદોને યોગ્ય રીતે ઉકેલવાની અને ચીન-ભારત સંબંધોના સક્ષમ અને સ્થિર વિકાસને પ્રોત્સાહન આપવાની જરૂર છે."

પાકિસ્તાન સાથે ચીનના ગાઢ સંબંધો પર ભારતની ચિંતાઓ અંગે લિનએ જણાવ્યું હતું કે, ચીને ભારત-પાકિસ્તાન સંબંધો પર ઘણી વખત પોતાનું વલણ સ્પષ્ટ કર્યું છે.

## ટ્રમ્પની નજર હિંદ મહાસાગરના આ ગુપ્ત ટાપુ પર

**એક** ડીલથી ચીન અને ઈરાન બંને મુશ્કેલીમાં મુકાશે!

**બ્રિટનને** બાજુ પર રાખીને 'ચાગોસ દ્વીપસમૂહ' ખરીદવા અમેરિકાની મોટી યોજના

નવી દિલ્હી, તા. 8: અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ હિંદ મહાસાગરમાં એક વ્યૂહાત્મક ટાપુ ખરીદવાની મોટી યોજના પર વિચાર કરી રહ્યા છે. અહેવાલ મુજબ, ટ્રમ્પ વહીવટીતંત્ર મોરેશિયસ પાસેથી 'ચાગોસ દ્વીપસમૂહ' ખરીદવા માંગે છે, જેથી આ વિસ્તારમાં ચીન અને ઈરાનની વધતી સક્રિયતાને નાથવામાં મોટી સફળતા મળી શકે. બ્રિટનના વડાપ્રધાન કીર સ્ટારમર જ્યારે આ ટાપુઓની સાર્વભૌમત્વ મોરેશિયસને સોંપવાની તૈયારી કરી રહ્યા છે, ત્યારે અમેરિકા બ્રિટનને બાયપાસ કરીને સીધું મોરેશિયસ સાથે ડીલ કરવા સક્રિય થયું છે. અહેવાલો અનુસાર, આ ટાપુઓ ખરીદવાનો વિચાર સૌથી પહેલા અમેરિકાના નાણા સચિવ સ્કોટ બેસેન્ટ સમક્ષ મૂકવામાં આવ્યો હતો, જેમણે આ બાબત રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સુધી પહોંચાડી છે. જોકે, સૂત્રોના જણાવ્યા અનુસાર આ ખરીદી હાલ સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા નથી, પરંતુ તેના પર ગંભીરતાથી વિચારણા ચાલી રહી છે. વ્હાઈટ હાઉસના અધિકારીઓ આ અંગે બ્રિટિશ પીએમ આવાસ (૧૦ ડાઉનિંગ સ્ટ્રીટ) સાથે પણ સતત સંપર્કમાં છે.

**અમેરિકા માટે કેમ આટલો મહત્વનો છે આ ટાપુ?**

**ઈરાનથી અંતર:** ઈરાનના દક્ષિણ તટથી આશરે ૪,૦૦૦ કિલોમીટર (અહીંથી B-2 સ્પિરિટ સ્ટીલ્થ બોમ્બર પ્લેન આરામથી ઈરાન પર લોન્ગ રેન્જ મિશન પાર પાડી શકે છે).

**ચીનથી અંતર:** દક્ષિણ ચીનથી આશરે ૫,૦૦૦ કિલોમીટર (અહીંથી અમેરિકા ચીનની નૌકાદળની પ્રવૃત્તિઓ પર સીધી નજર રાખી શકે છે).

## સજા પૂરી થયા પછી પણ 150 ભારતીયો બાંગ્લાદેશની જેલોમાં

**સરકારી** આળસ અને ઓળખ પ્રક્રિયા બની વિલંબનું કારણ

ઢાકા, તા. ૮ (PTI) પ્રક્રિયાગત વિલંબને કારણે વતન પરત ફરવા પર પ્રતિબંધ મુકાતા સજા પૂરી કરવા છતાં લગભગ ૧૫૦ ભારતીયો બંગલાદેશની જેલોમાં બંધ હોવાનું અધિકારીઓએ સોમવારે જણાવ્યું હતું.

જેલના એક અધિકારીએ જણાવ્યું હતું કે, છ મહિના પહેલા જાહેર કરવામાં આવેલા જેલના આંકડા અનુસાર, ૧૪૮ ભારતીયો સહિત ૧૫૨ વિદેશીઓ બંગલાદેશની જેલોમાં સજા પૂરી કરી ચૂક્યા હોવા છતાં ત્યાં સડી રહ્યા છે.

પોતાનું નામ ગુપ્ત રાખવાની શરતે આ અધિકારીએ જણાવ્યું હતું કે, આમાંના કેટલાક વિદેશી કેદીઓએ વર્ષો પહેલા પોતાની સજા પૂરી કરી લીધી હતી, પરંતુ સત્તાવાર ઓળખ પ્રક્રિયાની સાથે નોકરશાહી અથવા રાજદ્વારી નિષ્ક્રિયતાએ તેમની કેદ લંબાવી દીધી છે.

અધિકારીએ જણાવ્યું હતું કે, મોટા ભાગના ભારતીય કેદીઓની ગેરકાયદે સરહદ પાર કરીને પ્રવેશ કરવા જેવા આરોપો હેઠળ અટકાયત કરવામાં આવી હતી.

ન્યૂઝ પોર્ટલ Bdnews24.com એ સોમવારે અહેવાલ આપ્યો હતો કે, દક્ષિણ-પશ્ચિમ શરિયતપુર જિલ્લા જેલમાં જ ૧૭ ભારતીયો તેમની જેલની સજા પૂરી થઈ ગઈ હોવા છતાં સડી રહ્યા છે, જ્યારે સુધારા ગૃહના અધિકારીઓએ જણાવ્યું હતું કે તેમના સ્વદેશ પરત મોકલવાની પ્રક્રિયા અટકેલી છે.

અહેવાલમાં જણાવાયું છે કે, કેદીઓની ઓળખ વણચકાસાયેલી હોવાને કારણે તેમને મુક્ત કરી શકાયા નથી, જ્યારે ભારતીય દૂતાવાસનો સંપર્ક કરવાના વારંવારના પ્રયાસોનો કોઈ પ્રતિભાવ મળ્યો નથી.

જેલર પાપિયા સુલતાનાએ આ ન્યૂઝ પોર્ટલને જણાવ્યું હતું કે, પોલીસે ૨૦૨૨ અને ૨૦૨૩માં પદ્મા બ્રિજ નજીક જુદા -જુદા સમયે ૨૦ લોકોની અટકાયત કરી હતી અને બાદમાં તેમને કોર્ટના આદેશથી જેલમાં મોકલવામાં આવ્યા હતા.